બોર્ડની પરીક્ષા દરમિયાન સ્થાનિક સ્કવોર્ડની ૬૦ ટીમો રાઉન્ડ લેશે

૧ માર્ચથી કન્ટ્રોલ રૂમ શરુ કરાશે, ૩૪ કેન્દ્રો પર ૩૬૦૬૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

ગાંધીનગર, તા.૧૯

ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા આગામી તા. ૭ માર્ચથી શરુ થનાર છે. ત્યારે શિક્ષણતંત્ર પરીક્ષાલક્ષી તૈયારીમાં ગળાડૂબ બન્યું છે. ધો-૧૦ તેમજ ધો-૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષામાં ૩૬૦૬૭ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે. પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણ તંત્રની કચેરીમાં તા. ૧ માર્ચથી કન્ટ્રોલ રૂમ શરુ કરી દેવાશે. જ્યારે પરીક્ષા દરમિયાન બોર્ડ ઉપરાંત સ્થાનિક સ્કવોર્ડની ૬૦ ટીમો ફરજ બજાવશે.

આગામી માર્ચ મહીનામાં પ્રથમ સપ્તાહના અંતમાં શરુ થનારી બોર્ડ પરીક્ષાને અનુલક્ષી શિક્ષણ તંત્ર દ્વારા હેલ્પલાઈન શરુ કરી દેવાઈ છે. જ્યારે બોર્ડ પરીક્ષાને લઈ પરીક્ષાર્થીઓને જરુરી માર્ગદર્શન અને માહિતી પૂરી પાડવા શિક્ષણતંત્રની કચેરીમાં તા. ૧ માર્ચથી કન્ટ્રોલ રૂમ પણ શરુ કરી દેવાશે. ધો-૧૦ જિલ્લામાંથી ૩૦૭૧૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જ્યારે ધો-૧૨ વિજ્ઞાનપ્રવાહમાં ૮૩૮૦ વિદ્યાર્થીઓ પરીક્ષા માટે નોંધાયા છે. જિલ્લામાં કુલ ૩૪ કેન્દ્રો પર પરીક્ષાની કાર્યવાહી હાથ ધરાશે. જ્યારે પરીક્ષા દરમિયાન કોઈ ગેરરિતી ન થાય અને બોર્ડની કચેરીમાં પારદર્શકતા જળવાઈ રહે તે માટે બોર્ડ ઉપરાંત સ્થાનિક સ્કવોર્ડની ૬૦ ટીમો પરીક્ષા કેન્દ્રોનો રાઉન્ડ લેશે. પરીક્ષા સંદર્ભે વિદ્યાર્થીઓને મૂંઝવણ દૂર કરવા આગામી મહિનાની શરૂઆતે શિક્ષણ તંત્રની કચેરીમાં શરુ થનારા કન્ટ્રોલ રૂમનો સંપર્ક કરવા ૨૩૨૨૦૩૧૪ નંબર ડાયલ કરવા જણાવાયું છે. આગામી તા. ૧૮ માર્ચથી શરુ થનારી ધો-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં પણ જિલ્લાના ૧૨૯૩૬ વિદ્યાર્થીઓ હાજરી આપશે.

ગૃહ વિભાગમાંથી નિવૃત્ત થયેલા સંયુકત સચિવના મકાનમાં ઘરફોડ

મોડી સાંજે પરિવાર સાથે લગ્ન પ્રસંગે જઈને રાત્રે પરત ફર્યા ત્યાં સુધીમાં સે-૭ના મકાનમાંથી સામાન ચાદરમાં ભરીને તસ્કરો ફરાર થઈ ગયા!

ગાંધીનગર, તા.૧૯

રાજયના ગૃહ વિભાગમાંથી નિવૃત્ત થયેલા સંયુકત સચિવ જે.આર. મોદીના સે-૭ ખાતેના મકાનમાં સાંજના અરસામાં ઘરફોડ ચોરી થવા પામી હતી. નિવૃત્ત સંયુકત સચિવ ગઈકાલે પરિવાર સાથે સાંજે અમદાવાદ ખાતે લગ્ન પ્રસંગે હાજરી આપવા તેમના મકાનને લોક કરીને ગયા હતાં. રાત્રે ૧૨ વાગે ઘરે પરત ફર્યા ત્યાં સુધીમાં તેમના મકાનનું તાળું તોડીને એલ.ઈ.ડી. ટીવી, લેપટોપ સહિત રોકડ મળીને રૂ. ૪૬ હજારની કિંમતનો મુદ્દામાલ ઉઠાવી તસ્કરો ફરાર થઈ ગયા હતાં. સે-૭ પોલીસે મકાનમાલિક નિવૃત્ત અધિકારીની ફરિયાદને આધારે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી તપાસનો દોર શરુ કર્યો છે.

ગાંધીનગર શહેરનાં સે-૭-બી પ્લોટ નં. ૬૦૩/૧માં રહેતા અને ગૃહ વિભાગમાંથી નિવૃત્ત થયેલા જયેન્દ્રભાઈ રમણલાલ મોદી ગઈ કાલે સાંજે પોણા સાત વાગ્યાના અરસામાં મકાનને તાળું લગાવીને પરિવાર સાથે અમદાવાદ ખાતે લગ્ન પ્રસંગે હાજરી આપવા ગયા હતાં. રાત્રે ૧૨ વાગ્યે તેઓ ઘરે ફરત ફર્યા ત્યાં સુધીમા ંતસ્કરો તેમના મકાનમાં કળા કરી ચાલ્યા ગયા હતાં. સાંજના સમયગાળા દરમયાન તેમના બંધ મકાનના મુખ્ય દરવાજાનું તાળું તોડીને તસ્કરો અંદર ઘુસ્યા હતાં અને ઘરમાં તિજોરી સહિત તમામ સામાન વેર વિખેર કરી નાંખ્યો હતો. દાગીના તસ્કરોને હાથ લાગ્યા ન હતાં અંતે તસ્કરોને મકાનમાંથી રૂ. ૧૫ હજારની કિંમતનું એલ.ઈ.ડી. ટીવી, એક લેપટોપ તથા રૂ.૧૬ હજાર રોકડા હાથે આવી ગયા હતાં. રોકડ સહિત લેપટોપ અને એલ.ઈ.ડી. પલગમાંથી ચાદર ઉઠાવીને તેમાં નાંખીને ચાદરમાં બાંધી સામાન ચોરી ગયા હતાં. મકાનમાંથી રૂ. ૪૬ હજારનો મુદ્દામાલ ચોરી તસ્કરો ફરાર થઈ ગયા હતાં. પરંતુ ચોંકાવનારી બાબત એ છે કે સાંજના સુમારે જે મકાનમાં ચોરી થઈ તે મકાનનો મુખ્ય દરવાજો અન્ય ચાર મકાનના મુખ્ય દરવાજેથી જોઈ શકાય તેમ છે. છતાંય સાંજના અરસામાં કોઈનું ધ્યાન તસ્કરો પર ન પડયું. સે-૭ પોલીસે નિવૃત્ત સંયુકત સચિવની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી પી.એસ.આઈ. વી.યુ. ગડરીયાએ એફ.એસ.એલ. ફિંગર પ્રિન્ટ નિષ્ણાંત તથા ડોગ સ્કવોર્ડની મદદથી તપાસ આરંભી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૩

સૂર્યાસ્ત : ૬.૨૪

તાપમાન

મહત્તમ : ૨૯.૮ ડિ.સે.

લઘુત્તમ : ૧૫.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૩૫ ટકા

મનોરંજન

સિને મેઝસ

: સ્ક્રીન-૧ :

એબીસીડીઃ ઍની બોડી કૅન ડાન્સ (૩ડી) : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

મર્ડર-૩ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

મર્ડર : ૧૦.૪૫

સ્પેશયલ-૨૬ : ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :

સ્પેશ્યલ -૨૬ : ૧૦.૦૦, ૩.૧૫, ૯.૧૫

જયંતાભાઈ કી લવ સ્ટૉરી : ૧૨.૪૫, ૬.૧૫

સૂર્યા, વાવોલ

મર્ડર -૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

જયંતાભાઈ કી લવ સ્ટૉરી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેઝસ, કલોલ

: સ્ક્રીન-૧ :

મર્ડર-૩ : ૧૦.૪૫, ૧.૦૦, ૩.૧૫, ૫.૩૦, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

જયંતાભાઈ કી લવ સ્ટૉરી : ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૧૦.૧૫

સ્પેશ્યલ -૨૬ : ૭.૧૫

: સ્ક્રીન-૩ :

સ્પેશ્યલ- ૨૬ : ૧૦.૩૦, ૧.૦૦, ૧૦.૦૦

એબીસીડીઃ ઍની બોડી કૅન ડાન્સ : ૪.૦૦, ૭.૦૦

વિરાગ, કલોલ

મર્ડર-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે. નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે.

વૃષભ : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. આરોગ્યલક્ષી આહાર લેવો.

મિથુન : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવના છે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે.

કર્ક : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

સિંહ : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે. અપરણિતો માટે લગ્નનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે.

કન્યા : વ્યાપાર મધ્યમ રહશે. આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

તુલા : કાર્યોમાં ઉન્નતિ થશે. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી. પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો.

વૃશ્ચિક : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બને છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે.

ધન : ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. શત્રુઓથી હાની થવાની આશંકા રહેશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે.

મકર : સ્વયં યોજના મુજબ કાર્ય કરવું. ક્રોધ અને આવેશ પર સંયમ રાખવો. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે. ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે.

કુંભ : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. નવા સંબંધો બંધાશે. કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો.

મીન : વ્યપારી વર્ગથી લાભ થવાની શકયતા છે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે. મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે.

ચિરવિદાય

- સ્વ. વિમળાબેન વિજયસિંહ વાઘેલા(ઉ.વ. ૩૩) મુ.પો. નવા પિંપળજ, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. નાગજીભાઈ હરીભાઈ રબારી(ઉ.વ. ૭૫)ગ્રીનસીટી, વિડિયોકૉનની સામે, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. દેવરામભાઈ મણીલાલ તપોધન (ઉ.વ. ૭૦) નવા વણકરવાસ, મુ.પો. પેથાપુર, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. રમેશભાઈ રમણભાઈ પટણી(ઉ.વ. ૩૦) ચરેડી છાપરાં, સેકટર-૨૮, ગાંધીનગર.
- સ્વ. જયાબેન મણાજી ઠાકોર(ઉ.વ. ૪૨) ખાંટવાસ, મુ.પો. બોરીજ, તા.,જિ. ગાંધીનગર.

આજે ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ અંગેની બેઠક

ગાંધીનગર, તા. ૧૯

ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિ ગાંધીનગર દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૨મી જન્મ જયંતિની ઉજવણી અને નગરયાત્રા માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલમાં તા.૨૦મી ફેબ્રુઆરી સાંજે ૬ વાગે યોજાશે. સંલગ્ન સંસ્થાઓ હોદ્દેદારોને ટ્રસ્ટી શ્રી આર.કે. પરીખે જણાવેલ છે.

આજે રામકથામાં રામ-સીતા વિવાહનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરના સેકટર-૨૪માં આવેલા સત્યમ શિવમ્ ખાતે યોજાઈ રહેલી રામકથામાં આજે પાંચમા દિવસે સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે રામ-સીતા વિવાહ પ્રસંગનું આગવી શૈલીમાં શ્રવણગાન થશે. રામ-સીતા વિવાહ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવશે. નગરનાં સૌ ભક્તોને કથા રસપાન કરવા સમિતિ દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

મહિલા સિવણ વર્ગની પરીક્ષાઓનો પ્રારંભ

સમાજ કલ્યાણ સંઘ દ્વારા સંચાલિત મહિલા સિવણ વર્ગ સેકટર-૨૨ ખાતે ટેઈલરીંગની વાર્ષિક પરીક્ષાનો આરંભ થઈ ગયો છે. જે ૧૮મી ફેબ્રુઆરી ૨૦૧૩ થી ૨૩મી ફેબ્રુઆરી ૨૦૧૩ સુધી સવારે ૧૦ થી ૨ અને બપોરે ૩ થી ૬ દરમિયાન ચાલશે. આ વાર્ષિક પરીક્ષામાં ગારમેન્ટ મેકીંગ, એમ્બ્રોઈડરી ફેન્સી વર્ક, ટી.ટી.એન.સી. માસ્ટર ટેઈલર્સના અભ્યાસક્રમોમાં ૧૪ થી ૪૦ વર્ષની વય મર્યાદાની ૧૧૦ જેટલી બહેનો થીયરી અને પ્રેકટીકલ પરીક્ષાઓ આપી રહી છે. વાર્ષિક પરીક્ષા પાસ કરનાર બહેનોને ટેકનીકલ પરીક્ષા બોર્ડ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવે છે. જે દ્વારા ગ્રામ્ય વિસ્તારની બહેનોને મફત સિલાઈ મશીન તેમજ પ્રધાનમંત્રી સ્વરોજગાર યોજના અંતર્ગત ૨ લાખ સુધીની સબસીડી લોન મળી શકે છે. ગાંધીનગર સેકટર-૨૨ ખાતે મહિલા સિવણ વર્ગમાં આ પ્રકારના તાલીમ વર્ગો ઉપરાંત બ્યુટી પાર્લર, ચર્મ ઉદ્યોગના તાલીમ વર્ગો પણ છેલ્લા ૩૭ વર્ષોથી ચાલી રહ્યા છે.

ગાંધીનગર ખાતે નૉલેજ પ્લસ પુસ્તકનું વિમોચન

ગાંધીનગર, તા. ૧૯

સ્માર્ટ પબ્લિકેશન દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપયોગી થાય તેવા દર માસે -કાશિત થનાર નોલેજ પ્લસ પુસ્તકનું વિમોચન આજરોજ સામાજિક ન્યાય અને અદ્યિકારિતા અને યુવા, રમત-ગમત અને સાંસ્કૃતિક વિભાગના મંત્રી શ્રી રમણલાલ વોરાના હસ્તે ટાઉનહોલ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

આ પુસ્તકના વિમોચન -સંગે મંત્રી શ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, તમામ મા-બાપની અપેક્ષા હોય છે કે, તેમના ભણેલ-ગણેલ સંતાનને સારી નોકરી મળે. મા-બાપની આ અપેક્ષાને પૂર્ણ કરવા -યત્નશીલ યુવાનો માટે આ પુસ્તક માર્ગદર્શક બનશે. ૨૧મી સદી એ જ્ઞાનની સદી છે. જેથી જેની પાસે જ્ઞાન હશે, તે આપોઆપ પોતાના જીવનકાળમાં સફળતાની ઉંચી ઉડાન ભરી શકશે. આ જ્ઞાનસભર પુસ્તકના -કાશન બદલ મંત્રીશ્રીએ સમગ્ર ટીમને પણ અભિનંદન પાઠવ્યા હતાં.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ અને ગાંધીનગર સમાચારના તંત્રી શ્રી કૃષ્ણકાન્તભાઈ જહાએ જણાવ્યું હતું કે, જેમ સમય બદલાતો જાય છે, તેમ શક્તિ જુદા-જુદા સ્વરૂપે -ગટ થતી રહે છે. આજથી એક દાયકા પહેલા મની ઈઝ પાવર કહેવાતું હતું. ૨૧મી સદીના સમયમાં ઈન્ફર્મેશન ઈઝ પાવર છે. આ સદીમાં માહિતી નહી હોય તો જીવનમાં અને જગતમાં પોતાનું સ્થાન ટકાવી રાખવું મુશ્કેલ બની જશે. આ પુસ્તક થકી શ્રી કલ્યાણસિંહ ચંપાવતે માહિતી વહેંચવાની શરૂઆત કરી છે. તેમનું આ કામ ઘણું -શંસનીય છે.

આ પુસ્તકના -કાશક શ્રી ડૉ. કલ્યાણસિંહ ચંપાવતે પોતાની આગવી શૈલીમાં રામાયણથી અત્યાર સુધીના જુદા જુદા યુગની વાત કરતા કહ્યું હતું કે, એક સમય મસલ પાવરનો હતો, તે પછી મેન પાવરનો યુગ આવ્યો. આ બન્ને યુગ બાદ મશીન યુગ પણ આવી ગયો છે. પરંતુ આ ૨૧મી સદીમાં માઈન્ડ પાવરનો યુગ ચાલી રહ્યો છે. જીવનમાં સફળતા માટે તેમણે યુવાનોને દષ્ટાંત આપી કહ્યું હતું કે, જે વ્યક્તિ રાતને ટૂંકી કરે અને દિવસને લાંબો કરે તે પોતાના જીવનમાં કોઈ પણ ક્ષેત્રે સફળ બની શકે છે. તેમણે આ પુસ્તકની વિશેષતાઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાનોને કંઈ રીતે ઉપયોગી થશે અને નોલેજમાં વધારો કરશે, તેની વિસ્તૃત માહિતી આપી હતી.

આ -સંગે ગાંધીનગરના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, મહાનગર પાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, જાણીતા લેખક અને સાહિત્યકાર શ્રી દોલતભાઈ ભટ્ટ, કલાગુર્જરીના -મુખ શ્રી એન.પી. પટેલ સહિત અનેક અગ્રણીઓ અને નાગરિકો ઉપસ્થિત રહયાં હતાં.

પોસ્ટ વિભાગ દ્વારા ૨૧મીએ બાસ્કેટ બોલ ટુર્નામેન્ટનો પ્રારંભ

દેશના વિવિધ ૬ રાજયોમાંથી ૭૨ ખેલાડીઓ ભાગ લેશે, ૨૩મીએ સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત સર્કલ પોસ્ટલ સ્પોર્ટસ બોર્ડ દ્વારા આગામી તા. ૨૧ ફેબ્રુઆરીથી સે-૧૫ સ્થિત સાંઈ સંકુલ ખાતે ૨૬મી ઓલ ઈન્ડિયા બાસ્કેટબોલ ટુર્નામેન્ટનો પ્રારંભ કરવામાં આવશે. ચાર દિવસીય આ ટુર્નામેન્ટમાં દેશના વિવિધ ૬ રાજયોમાંથી ૭૨ ખેલાડીઓ ભાગ લેશે. ગત વર્ષે આ ટુર્નામેન્ટમાં ગુજરાતની ટીમ પ્રથમ સ્થાને રહી હતી.

અમદાવાદ પોસ્ટલ વિભાગના ચીફ પોસ્ટ માસ્ટર પી.એચ. પંચાલ પવનકુમાર દાબલીયા તેમજ એમ.આર. વખારીયાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે પોસ્ટલ વિભાગ દ્વારા યોજાનારી આ ૨૬મી બાસ્કેટ બોલ ટુર્નામેન્ટમાં તા. ૨૧ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦.૩૦ કલાકે શુભારંભ થશે. સે-૧૫ સ્થિત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના સંકુલમાં યોજાનારી આ ટુર્નામેન્ટના ઉદઘાટન પ્રસંગે ગુજરાત બાસ્કેટબોલના ખેલાડી હરપાલસીંગ જે. વાઘેલા ખાસ ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત સાંઈના ડાયરેકટર એમ. શ્યામ સુંદર પણ હાજરી આપશે. આ ટુર્નામેન્ટમાં ગુજરાત, હરિયાણા, ઓરિસ્સા, પં. બંગાળ, પંજાબ તેમજ તમિલનાડુ જેવા રાજયમાંથી કુલ ૬ ટીમો ભાગ લેશે. પ્રત્યેક ટીમમાં ૧૨ એમ કુલ ૭૨ ખેલાડીઓ બાસ્કેટબોલની મેચમાં ભાગ લેશે. ગત વર્ષ દરમિયાન કલકત્તા ખાતે યોજાયેલ બાસ્કેટબોલની ટુર્નામેન્ટમાં ગુજરાતની ટીમ મોખરે રહી હતી. ટુર્નામેન્ટ દરમિયાન તા. ૨૩ ફેબ્રુઆરીના રોજ રાત્રિના ૮.૩૦ કલાકે સે-૧૨ સ્થિતિ આંબેડકર ભવનમાં સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાશે. જેમાં ગુજરાત પોસ્ટ વિભાગના કર્મચારીઓ દ્વારા નાટક અને રાસ સહીતની કૃતિઓ રજૂ કરવામાં આવશે.

પોલીસે વહેંચેલી પત્રિકાઓથી વાવોલમાં ઘરફોડ થતા અટકી..!

તાળા તુટવાનો અવાજ આવતા પડોશીએ પોલીસને ફોન કરી દેતા પેટ્રોલીંગમાં રહેલી પી.સી.આર. વાન સાથે પોલીસ ગણતરીની મીનીટોમાં પહોંચી ગઈ : પોલીસ જોઈને તસ્કરો ખેતર તરફ ભાગી ગયા : પ્રજાના રીસ્પોન્સ આવવા લાગતા પોલીસનો પણ ઉત્સાહ વધ્યો

ગાંધીનગર, તા.૧૯

જિલ્લામાં ઘરફોડ ચોરીના વધી ગયેલા બનાવોને અટકાવવા માટે જિલ્લા પોલિસે ઘરફોડ ચોરી અટકાવવા માટે પ્રજાનાં સહકારની અપેક્ષા સાથે જનજાગ્રતી માટેના પેમ્ફલેટસનું વિતરણ ઘરે ઘરે કરાવ્યું હતું અને જયારે મકાનમાલિક બહારગામ જાય અને મકાન બંધ રહે તેમ હોય તેવા સમયે સ્થાનિક પોલિસને જાણ કરવા તથા પડોશીઓએ કોઈ પણ શંકાસ્પદ હિલચાલનું તુરંત જ પોલીસનું ધ્યાન દોરવા માટે સુચન પણ કર્યું હતું. જે પ્લાનને પગલે ગઈ કાલે એક ઘરફોડ ચોરી થતા અટકી ગઈ હતી. વાવોલ ગામની શાલીન સોસાયટીમાં એક બંધ મકાનનું તાળું તોડી રહેલી ટોળકી અંગે પડોશીનું ધ્યાન જતાં તાત્કાલિક પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. વાવોલમાં પેટ્રોલીંગમાં રહેલી પી.સી.આર. વાન પળવારમાં તે સ્થળે આવી પહોંચી હતી. પોલીસની ગાડી જોઈને તસ્કર ટોળકી ખેતર તરફ ભાગી ગઈ હતી પોલીસે તેમનો પીછો કર્યો હતો પરંતુ તે શખ્સો અંધારામાં ઓગળી જવામાં સફળ રહ્યા હતા જો કે ઘરફોડ ચોરીના પ્રયત્નમાં નિષ્ફળ બન્યા હતાં.

શહેરની પ્રજાને જાણે કોઈ ઘરફોડ અટકાવવામાં રસ જ ન હોય તેમ પહેલા બેદરકાર રહેતાં હતાં. ઘરફોડ ચોરી થાય એટલે પોલીસને મળવાનું.... પોલીસ ગુનો દાખલ કરે.. તપાસ થાય... કોઈ પકડાય, ન પકડાય... બધુ ચાલ્યું રહેતું. જેનાથી પોલીસે પણ 'આપણે શું... જેમ ચાલે તેમ ચાલવા દો..' તેવી નીતિ અપનાવી લીધી હતી. દરમિયાન જિલ્લા પોલિસ વડાએ ઘરે ઘરે ઘરફોડ ચોરી અટકાવવા સ્વયં શું ધ્યાન રાખવું? તે અંગેનું માર્ગદર્શન આપતી પત્રિકાઓ પહોંચાડવા સુચનાઓ આપી હતી. જેને પગલે ગાંધીનગર નજીકના વાવોલ ગામમાં એક ઘરફોડ ચોરી થતા બચી ગઈ હતી. રાત્રે સાડા ત્રણ વાગ્યાના અરસામાં ગત રાત્રે ઘરફોડ કરતી ગેંગ શાલીન સોસાયટી-૧માં પહોંચી હતી અને એક બંધ મકાનનું તાળું તોડવા પ્રયત્ન કરી રહી હતી. દરમિયાન બાજુના મકાનમાં રહેતા પડોશીને અવાજ સંભળાતા તેમણે પત્રીકામાં સુચવેલા એક મુદ્દાને ધ્યાને લઈ પોતાના મકાનની લાઈટ પણ ચાલુ કર્યા વિના ઘરેથી સ્થાનિક પોલીસને આ શંકાસ્પદ હિલચાલ વિશે ફોન કરીને જાણ કરી. પેટ્રોલીંગમાં રહેલી પી.સી.આર. વાન તથા બાઈક સાથે સે-૭ પોલિસ સ્ટેશનના હે.કો. લક્ષ્મણસિંહ નથાજી, રતનસિંહ જવાનસિંહ તથા એલ.આર. કનુભાઈ રાયમલભાઈ શાલીનમાં તાબડતોબ પહોંચી ગયા હતાં. જો કે પોલીસની ગાડીને જોઈને તસ્કરો ઉભી પુછડીએ ખેતર તરફ ભાગી ગયા હતાં. પોલીસે તેમનો પીછો કરવા છતાં પણ ટોળકીને પકડવામાં સફળતા મળી ન હતી. જો કે પડોશીની સતર્કતાથી વધુ એક ઘરફોડ ચોરી થતા અટકી જવા પામી હતી. ઉલ્લેખનીય છે કે વહેંચવામાં આવેલી માર્ગદર્શક પત્રિકાઓથી મળી રહેલા શહેરીજનોના રીસ્પોન્સથી પોલીસનો પણ જુસ્સો વધી રહ્યો છે. અને પહેલા જે રીતે પોલીસને કોલ કરોને કલાક-બે કલાકે ટહેલતા-ટહેલતા પોલીસ આવે તેવી છાપ હટાવીને ગણતરીની મિનિટોમાં સ્થળ પર પોલિસ પહોંચી જતી હોવાના ત્રણ ચાર કિસ્સા તાજેતરમાં બનવા પામ્યા છે.